# આર્થિક સહાય પૉલીસી: – સાદી ભાષામાં સારાંશ

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક (St. Luke's University Health Network) આર્થિક સહાય પૉલીસી/કાર્યક્રમ (FAP) યોગ્ય દર્દીઓને, સેંટ લ્યૂક્સ હૉસ્પિટલ કે જેને હવે પછીથી હૉસ્પિટલ તરીકે સંદર્ભ આપવામાં આવશે તેના દ્વારા આંશિક કે પૂર્ણ - વળતર યુક્ત કટોકટી સારવાર કે તબીબી રીતે અન્ય જરૂરી સ્વાસ્થ્ય સંભાળની પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે અસ્તિત્વ ધરાવે છે. જે દર્દીઓ આર્થિક સહાય મેળવવા માંગતા હોય તેમણે અહીં એ કાર્યક્રમ જેનો સારાંશ અહીં આપેલ છે તેના માટે અરજી કરવી અનિવાર્ય છે.

<u>યોગ્ય સેવાઓ</u> – કટોકટી સારવાર અથવા તબીબી રીતે જરૂરી સ્વાસ્થય સંભાળની અન્ય સેવાઓ કે જે હૉસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવી હોય અને હૉસ્પિટલ દ્વારા જેનું બિલ આપવામાં આવેલું હોય. આ FAP માત્ર એવી સેવાઓને લાગુ પડે છે જેના માટે હૉસ્પિટલ દ્વારા બિલ આપવામાં આવેલું હોય. અન્ય સેવાઓ કે જેના માટે અન્ય પ્રદાતાઓ દ્વારા અલગથી બિલ આપવામાં આવેલ હોય, જેમ કે ફિઝિશિયન્સ અથવા લેબૉરેટરીઓ, તે આ FAP હેઠળ યોગ્ય નથી.

<u>યોગ્ય દર્દીઓ</u> – એવા દર્દીઓ કે જેઓ યોગ્ય સેવાઓ મેળવી રહ્યા હોય, જેઓ એક પૂર્ણ કરેલી આર્થિક સહાય માટેની અરજી સુપ્રત કરે (સંબંધિત દસ્તાવેજો/માહિતી સહિત), અને જેમને હૉસ્પિટલ દ્વારા આર્થિક સહાય માટે યોગ્ય ગણવામાં આવેલ હોય.

<u>અરજી કઈ રીતે કરવી</u> – FAP અને તેને સંબંધિત અરજીનું ફૉર્મ મેળવવા/પૂર્ણ કરવા/સુપ્રત કરવા નીચે મુજબ થઈ શકે છે:

- હૉસ્પિટલના મુખ્ય રજીસ્ટ્રેશન ડેસ્ક પર અથવા કટોકટી સારવારના રૂમની ડેસ્ક પર:
- 484-526-3150 પર હૉસ્પિટલના પેશન્ટ બિઝનેસ સર્વિસિઝ ડિપાર્ટમેન્ટને ફોન કરીને, તમને દસ્તાવેજો ટપાલ મારફત મોકલવા માટે વિનંતી કરો.
- ટપાલ દ્વારા/ અથવા રૂબરૂ મુલાકાત દ્વારા દસ્તાવેજોની વિનંતી કરો : હૉસ્પિટલ પેશન્ટ બિઝનેસ સર્વિસિઝ ડિપાર્ટમેન્ટ, St. Luke's Center, 1110 St. Luke's Way, Suite 300, Allentown, PA 18109; રૂબરૂ, સેંટ લ્યૂક્સ હૉસ્પિટલ-વૉરન બેથલેહેમ, મુખ્ય લૉબી, 801 Ostrum St., Bethlehem, PA 18015. (હૉસ્પિટલની આર્થિક સહાય પૉલીસીની વિનંતી કરવાથી ટપાલ દ્વારા, રૂબરૂ, આ સ્થળ પર પણ મળી શકે છે.)
- એ દસ્તાવેજોને હૉસ્પિટલની વેબસાઇટ પરથી ડાઉનલૉડ કરો: www.slhn.org.
- પૂર્ણ કરેલી અરજીઓને ટપાલથી અહીં મોકલો (અરજી કરવા માટેની સૂચનામાં સ્પષ્ટ કરેલ બધાં દસ્તાવેજો/માહિતીની સાથે) HOSPITAL's Patient Business Services Department, St. Luke's Center, 1110 St. Luke's Way, Suite 300, Allentown, PA 18109; અથવા પેશન્ટ બિઝનેસ સર્વિસિઝ ડિપાર્ટમેન્ટને સેંટ. લ્યૂક્સ સેંટર, 1110 St. Luke's Way, Suite 300, Allentown, PA 18109.

<u>આર્થિક સહાયની યોગ્યતા નક્કી કરવી</u> – સામાન્ય રીતે, યોગ્ય વ્યક્તિઓ આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય ત્યારે બને છે, જ્યારે તેમની પારિવારિક આવક એ સમવાયી સરકારના સમવાયી ગરીબી સ્તરના 300% હોય અથવા તેનાથી ઓછી હોય. <u>આર્થિક સહાય માટે યોગ્યનો અર્થ એ થાય છે કે એ યોગ્ય વ્યક્તિઓ પૂર્ણ રીતે અથવા આંશિક રીતે સંભાળ અંગેનું આવરણ મેળવશે, અને (IRCની કલમ 501(r) એ ઇન્ટરનલ રેવન્યુ સર્વિસિઝ વ્યાખ્યા આપવામાં આવેલ છે એ મુજબ) વીમો હોય તેવી વ્યક્તિ પાસેથી લેવામાં આવતા બિલ "એમાઉન્ટ્સ જનરલી બિલ્ડ (સામન્ય રીતે બનાવવામાં આવતા બિલ)" થી વધુ રકમ તેઓ પાસેથી લેવામાં નહીં આવે.</u> આર્થિક સહાયના સ્તરો, કે જે એકમાત્ર પારિવારિક આવક અને FPL પર આધારિત છે, તે આ મુજબ છે:

- પારિવારિક આવક FPLના 0 to 300%<br>પૂર્ણ આર્થિક સહાય; દર્દીને $0નું બિલ આપી શકાશે
- પારિવારિક આવક FPLના 300% થી વધુ<br>આંશિક આર્થિક સહાય; AGB એ દર્દીને આપી શકાતું મહત્તમ બિલ છે.

નોંધ: FPL ઉપરાંતના અન્ય માપદંડોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે (એટલે કે, રોકડ અથવા અન્ય મિલકતો કે જેનું રોકડમાં રૂપાંતર થઈ શકે છે, અને વધારાની ચોખ્ખી માસિક આવક જે ઘરના ખર્ચાઓ સાથે સંબંધિત હોય), જેના પરિણામે એ પૂર્વવર્તીને અપવાદ હોઈ શકે છે. જો પારિવારિક આવકનો કોઈ પણ અહેવાલ અપાયો હોય નહીં, તો દરરોજની જરૂરિયાતો કેવી રીતે પૂરી કરવામાં આવે છે તેની માહિતી જરૂરી બનશે. હૉસ્પિટલ એવી સુપ્રત કરેલી અરજીને ધ્યાનમાં લે છે જે પૂર્ણ હોય, અને હૉસ્પિટલની આર્થિક

સહાયની પૉલીસીને અનુરૂપ આર્થિક સહાયને નક્કી કરે છે: અપૂર્ણ અરજીઓને ધ્યાનમાં લેવામાં આવતી નથી, પરંતુ અરજદારોને સૂચના આપવામાં આવે છે અને તેમાં હોય નહીં તેવી માહિતી/દસ્તાવેજને માંગવામાં આવે છે.

હૉસ્પિટલ તેની FAP, FAPની અરજીના ફોર્મનું અને સાદી ભાષામાં તેની FAPના સારાંશનું અન્ય ભાષામાં ભાષાંતર પણ કરે છે જ્યારે હૉસ્પિટલ દ્વારા સેવા આપવામાં આવતી હોય એ વિસ્તારમાં એ સમુદાયના 5% અથવા 1000 લોકોનું પ્રતિનિધિત્વ હોય; બે માંથી જે પણ ઓછું હોય; એવા વ્યક્તિઓની વસ્તી જે અસરગ્રસ્ત થઈ શકે છે અથવા જે હૉસ્પિટલને મળે છે. વિનંતી કરવાથી ભાષાંતર કરેલ આવૃત્તિ નીચે દર્શાવેલા સરનામા પરથી રૂબરૂ મળી શકે છે; અને એ હૉસ્પિટલની વેબસાઈટ પર પણ મળી શકે છે.

મદદ, સહાય અથવા પ્રશ્નો માટે કૃપા કરીને મુલાકાત લો અથવા કૉલ કરો: હૉસ્પિટલ પેશન્ટ બિઝનેસ સર્વિસિઝ ડિપાર્ટમેન્ટ, St. Luke’s Center, 1110 St. Luke’s Way, Suite 300, Allentown, PA 18109; (484) 526-3150; રૂબરૂ, સેંટ લ્યૂક્સ હૉસ્પિટલ-વૉરન બેથલેહેમ, મુખ્ય લૉબી, 801 Ostrum St., Bethlehem, PA 18015, (484) 526-3634, સોમવાર - શુક્રવાર 8:30 am to 5:00 pm.